# કટરા-ઉધમપુર ટ્રેનનો આરંભ

## કટરાથી પાંચ નવી ટ્રેનોની નરેન્દ્ર મોદી દ્વારા જાહેરાત

શ્રીનગર,તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે મહત્વકાંક્ષી કટરા-ઉધમપુર ટ્રેનને લીલીઝંડી આપી હતી. આની સાથે જ વૈષ્ણોદેવી જતા લોકોને મોટી રાહત થશે. મોદીએ આ પ્રસંગે કહ્યું હતું કે તેઓ વૈષ્ણોદેવીના આશીર્વાદ લઈને આવી રહ્યા છે. મોદીએ આ પ્રસંગે પર્યાવરણની સુરક્ષા અને વધુ સારી રેલવે ઉપર ભાર મુક્યો હતો. મોદીએ કટરાથી પાંચ નવી ટ્રેનોની પણ જાહેરાત કરી હતી. નવી દિલ્હી, મુંબઈ, બેંગલોર અને અમદાવાદથી આ ટ્રેનો દોડાવવામાં આવશે. કટરા રેલવે સ્ટેશન સુર્યઉર્જા મારફતે ચાલશે. જમ્મુ-કાશ્મીરમાં રેલવે સંપર્કને વધારવા માટે પ્રાથમિક્તા અપાશે. મોદીએ એમપણ કહ્યું હતું કે, તેમની પ્રાથમિક્તા જમ્મુ-કાશ્મીરના લોકોના મન જીતવા અને વિકાસની છે. આ પ્રસંગે જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ એમએન વોરા, મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લા, રેલવે પ્રધાન સદાનંદ ગૌડા, રેલવે રાજય પ્રધાન મનોજ સિંહા, વડાપ્રધાન કચેરીના રાજ્યપ્રધાન જીતેન્દ્રસિંહ હાજર રહ્યા હતા. વડાપ્રધાન સવારે ૧૦:૧૦ મિનિટે પહોંચી ગયા હતા અને સૌથી પહેલા રિપોર્ટમાં ધ્યાન આપ્યું હતું. ત્યારબાદ કટરા રેલવે સ્ટેશનનું ઉદ્‌ઘાટન કર્યું હતું.કટરા-ઉધમપુર રેલવે લાઇન ૨૫ કિલોમીટર લાંબી છે. આ સેક્સનના નિર્માણ પર આશરે ૧૧૩૨ કરોડનો જંગી ખર્ચ કરવામાં આવ્યો છે. નદી પર બ્રીજ ભારતમાં સૌથી વિશાળ સ્ટીલ ગીરડર બ્રીજ છે. જેની ઉંચાઇ ૮૫ મીટરની આસપાસ છે. ઉધમપુર-કટરા રટ પર આઠ ટનેલ પણ છે.

શ્રીનગર, તા.૪

જેની ઉત્સુકતાપૂર્વક રાહ જોવામાં આવી રહી હતી તે કટરા-ઉધમપુર ટ્રેનને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે લીલીઝંડી આપી હતી. આની સાથે જ વૈષ્ણોદેવી જતા શ્રદ્ધાળુઓનો મોટી રાહત થઈ



જશે. નરેન્દ્ર મોદી સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે પહોંચ્યા બાદ ટ્રેનને લીલીઝંડી આપી હતી. કટરાને ટ્રેન મારફતે બાકીના ભારતથી જોડી દેવાનો ફાયદો એ થશે કે જમ્મુથી કટરા પહોંચવામાં હવે માત્ર સવા કલાકનો સમય જ લાગશે. હજુ સુધી માર્ગ રસ્તે માતા વૈષ્ણોદેવીના દર્શન કરવા જવા માટે શ્રદ્ધાળુઓને બે કલાકનો સમય લાગે છે. હવે લોકો વહેલી તકે સમય બચાવીને માતા વેષ્ણોદેવીના દર્શન કરવા પહોંચી શકશે. વડાપ્રદાન બન્યા બાદ તેમની આ પ્રતમ જમ્મુ કાશ્મીરની યાત્રા છે. મોદીએ કટરા-ઉધમપુર રેલવે લાઈનનુ ઉદ્‌ઘાટન કર્યું હતુ. વડાપ્રધાન સવારે સાઢા નવ વાગે જમ્મુ પહોંચી ગાયા હતા. ત્યારાબાદ સીધી રીતે હેલિકોપ્ટર મારફતે કટરા પહોંચી ગયા હતા. કટરામાં રેલમાર્ગનુ ઉદ્‌ઘાટન કર્યા બાદ મોદી શ્રનીગર પહોંચ્યા હતા . જ્યાં તેઓએ ભોજનની માજા માણી હતી. ત્યારબાદ મોદીએ બાદામી બાગ સ્થિત ૧૫ કોર્પાના હેક્વાટર્સ ખાતે યુનિફાઇડ કમાન્ડની બેઠક યોજી હતી. જેમાં ટોચના સુરક્ષા અધિકારીઓ હાજર રહ્યા હતા. વૈષ્ણોદેવી માટેના બેઝ કેમ્પ ગણાતા જમ્મુમાં કટરા ખાતેથી ઉદ્‌ઘાટન ટ્રેનને લીલીઝંડી આપ્યા બાદ મોદીએ કહ્યુ હતું કે આગામી દસ વર્ષમાં કટરા જમ્મુ કાશ્મીરાના આર્થિક વિકાસમાં મોટી ભૂમિકા અદા કરશે. સવારે કટરા રેલવે સ્ટેશનથી ઉધમપુર માટેની ટ્રેનને ૯.૫૫ વાગે લીલીઝંડી આપવામાં આવી હતી. આમાં સ્કુલી બાળકો બેઠા હતા. ટ્રેન માટે શ્રીશક્તિ નામ સુચવતા મોદીએ કહ્યું હતું કે આ ટ્રેન માત્ર જમ્મુ કાશ્મીરના લોકો માટે જ ગિફ્ટ નતી બલ્કે સમગ્ર દેશના લોકોને મોટી રાહત થશે. મોદીએ કાર્યક્રમમાં બોલતા કહ્યું હતું કે, રમઝાન મહિનો ચાલી રહ્યો છે, અમરનાથ યાત્રા પણ ચાલી રહી છે આવા પવિત્ર મહિનામાં કટરા રેલવે સ્ટેશનથી ટ્રેનની શરૂઆત કરવામાં આવી રહી છે. હવે યાત્રી જમ્મુથી કટરા શ્રીવેષ્ણોદેવી સુધી સીધા જઈ શકશે. પહેલા આ સુવિધા ઉધમપુર સુધી હતી. આનાથી યાત્રીઓને ઘણી સુવિધા મળવાની શક્યતા છે. મોદીએ કહ્યું હતું કે, જે વ્યક્તિ પણ કટરા જશે તે જમ્મુ ચોક્કસપણે જશે. રેલવે યાત્રા માત્ર એક યાત્રા નથી બલ્કિ વિકાસનો એક હિસ્સો છે. હવે યાત્રીઓને બસ અને ટ્રેનની યાત્રાને મહત્વ આપવા પ્રયાસ કરી રહ્યા છીએ.

વડાપ્રધાને સૂચન કર્યું હતું કે, કટરાથી શરૂ કરવામાં આવેલ ટ્રેનને શ્રીશક્તિ ટ્રેન નામ આપવું જોઈએ. જમ્મુ કાશ્મીરને નવી ઉંચાઈ ઉપર લઈ જવામાં આવશે. જમ્મુ કાશ્મીરમાં રેલવે સંપર્કને વધારવામાં આવશે. ટ્રેન કનેક્ટિવિટી જમ્મુ કાશ્મીરને નવી ઝડપ આપશે. પાવર પ્રોજેક્ટ રાજ્યમાં ઉર્જા વધારશે. મોદીએ કહ્યું હતું કે જમ્મુના વિકાસની અવગણના કરી શકાય નહી.

**રૂટ ઉપર સાત સુરંગ અને ૩૦ નાના-મોટા બ્રિજ**

## ઉધમપુર-કટરા રેલવે લાઈન

- શ્રદ્ધાળુઓ સીધી રીતે વૈષ્ણોદેવીના બેઈઝ કેમ્પ કટરા જઈ શકશે
- ઉધમપુર-કટરા ટ્રેન સર્વિસને વડાપ્રધાને લીલીઝંડી આપી
- રેલવે લાઈન ઓપરેશનલ બન્યા બાદ શ્રદ્ધાળુ સીધી રીતે બેઈઝ કેમ્પ પહોંચી શકશે
- ૧૧૩૨.૭૫ કરોડના અંદાજિત ખર્ચે રેલવે લાઈનનું નિર્માણ કરાયું
- રેલવે રૂટ ઉપર સાત સુરંગ અને ૩૦ નાના-મોટા પુલ છે
- ૨૫ કિલોમીટરના પટ્ટામાં ૧૦ કિલોમીટરથી વધુ વિસ્તારમાં સાત સુરંગ આવેલી છે
- વડાપ્રધાને શ્રીશક્તિ એક્સપ્રેસ ટ્રેનનું નામ રાખવા સૂચન કર્યું
- ૫૩ કિલોમીટર લાંબી જમ્મુ-ઉધમપુર રેલવે લાઈન પહેલાથી જ ઓપરેશનમાં છે
- ઉધમપુર-કટરા રેલવે રૂટ ખૂબ જ પડકારરૂપ પ્રોજેક્ટ તરીકે હતો , કારણકે અહીં ખૂબ જ દુર્ગમ અને ઝટીલ પહાડી છે
- ઉધમપુર-કટરા સેક્સન ઉપર સૌથી ઉંચો બ્રિજ ૮૫ મિટરની ઉંચાઈ ઉપર છે, જ્યારે સૌથી લાંબી સુરંગ ૩.૧૫ કિલોમીટર લાંબી છે
- રૂટ ઉપર ૩.૧ કિલોમીટર લાંબી સુરંગ ઉપર ટ્રેક બનાવવાની બાબત સૌથી મુશ્કેલ રૂપ હતી
- ચાર પ્લેટફોર્મ ઉપર ૨૬ કોચની ટ્રેનો આવી શકશે
- કટરા સ્ટેશન ઉપર અતિઆધુનિક સુવિધા છે, જેમાં ટુરિસ્ટ ગાઈડ કાઉન્ટર, ક્લોક રૂમ, વેઈટિંગ હોલ, વીઆઈપી લોજ, લીફ્ટ, પાર્કિંગ સ્પેસનો સમાવેશ થાય છે
- બે ટ્રેનો દિલ્હી-કટરા એક્સપ્રેસ અને કાલકા-કટરા એક્સપ્રેસ આ સેક્સન પર દોડશે
- બે પવિત્ર શહેરોને જોડવા વારાણસી અને કટરા વચ્ચે નવી ટ્રેન શરૂ કરવાની જાહેરાત પણ થશે

## ગેસ અને કેરોસીનની કિંમત હાલ નહીં વધારવાનો નિર્ણય

નવીદિલ્હી,તા. ૪

એલપીજી અને કેરોસીનની કિંમતમાં હાલમાં કોઈપણ વધારો ઝીંકવામાં આવશે નહીં. પેટ્રોલિયમ પ્રધાને આ અંગે ચાલી રહેલી અટકળોનો આજે અંત આણી દીધો હતો. પેટ્રોલિયમ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે, એલપીજી અને કેરોસીનની કિંમતમાં વધારો કરવા માટે નિષ્ણાત સમિતિ દ્વારા કરવામાં આવેલી ભલામણના સંદર્ભમાં



હાલ કોઈ વિચારણા નથી. રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતિ સમક્ષ આ દરખાસ્ત મોકલાશે નહીં. તેમણે ખુલાસો કર્યો હતો કે, કેબિનેટ સમિતિ સમક્ષ જવાનો કોઈ ઈરાદો નથી. અગાઉ આજે સવારે એવા અહેવાલ આવ્યા હતા કે, પેટ્રોલિયમ મંત્રાલયે કેરોસીનની કિંમતમાં લીટરદીઠ રૂપિયા ચાર અને એલપીજીની કિંમતમાં સિલિન્ડરદીઠ રૂપિયા ૨૫૦નો વધારો કરવા માટેની નિષ્ણાત સમિતિની ભલામણના સંદર્ભમાં રાજકીય બાબતો અંગેની કેબિનેટ સમિતિ સમક્ષ જશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, પેટ્રોલિયમ મંત્રાલય માને છે કે, ડીઝલની કિંમતમાં પ્રતિલીટર માસિક ૪૦-૫૦ પૈસાનો વધારો જ્યાં સુધી સંપૂર્ણપણે ડીઝલ ઉપર નુકસાન દૂર ન થાય ત્યાં સુધી જારી રહે તે જરૂરી છે. ડીઝલ ઉપર નુકસાન હાલમાં ૩.૪૦ રૂપિયા છે. ભૂતપૂર્વ આયોજન પંચના સભ્ય કિરીટ પારીખના નેતૃત્વમાં કમિટિએ ગયા વર્ષે ઓક્ટોબર મહિનામાં ભલામણ કરી હતી કે, ડીઝલની કિંમતમાં લીટરદીઠ રૂપિયા પાંચ, કેરોસીનમાં લીટરદીઠ રૂપિયા ચાર અને એલપીજીની કિંમતમાં સિલિન્ડરદીઠ રૂપિયા ૨૫૦નો વધારો કરવાની જરૂર છે. ૭૨૦૦૦ કરોડની સબસિડીને દૂર કરવા આ ભલામણ કરવામાં આવી હતી. બુધવારના દિવસે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ બિનસબસિડી વાળા એલપીજીની કિંમતમાં ૧૬.૫૦નો વધારો કર્યો હતો.

**તમામ ૪૬ નર્સ આજે કેરળ પહોંચી જશે**

## ઇરાકમાં રહેલી ભારતીય નર્સ આખરે મુક્ત કરાઇ

નવીદિલ્હી, તા. ૪

કેરળના મુખ્યમંત્રી ઓમન ચંડીએ આજે સાફ શબ્દોમાં કહ્યું હતું કે, હિંસાગ્રસ્ત ઈરાકમાં સુન્ની કટ્ટરપંથીઓ દ્વારા બાનમાં પકડી રાખવામાં આવેલી તમામ ૪૬ ભારતીય નર્સને મુક્ત કરી દેવામાં આવી છે. આ તમામ નર્સ હવે શનિવારના દિવસે ભારત પરત ફરશે. તેમને લેવા માટે ખાસ વિમાન મોકલી દેવામાં આવ્યું છે. આ તમામ નર્સ ભારતીય અધિકારીઓની સાથે છે અને તેમને ઈરબીલ વિમાની મથક ખાતે લાવવામાં આવી છે. જ્યાંથી ખાસ વિમાન મારફતે કેરળ લાવવામાં આવશે. ઓમન ચંડીએ કહ્યું હતું કે, તમામ નર્સને પરત લાવવામાં આવી રહી છે. નવી દિલ્હીથી ફોન ઉપર વાતચીત કરતા ચંડીએ કહ્યું હતું કે, એરઈન્ડિયાની ફ્લાઈટ આજે સાંજે ભારતીય પાટનગર નવી દિલ્હીથી રવાના થઈ



ચુક્યું છે. આ ફ્લાઈટ ઈરબિલ જશે જ્યાંથી તેમને કેરળ લાવવામાં આવશે. ઈરબિલને કુર્દિસ્તાનના પાટનગર તરીકે ઓળખવામાં આવશે. કેરળ અને કેન્દ્ર સરકાર તરફથી વિમાન મોકલવાની હિલચાલ હતી. આખરે ઝડપથી નિર્ણય લેવામાં આવ્યો હતો. આવતીકાલે સવારે સાત વાગ્યે આ વિમાન કોચી પહોંચી જશે. ખાસ વિમાનમાં ઈરાકમાં અટવાયેલી તમામ નર્સને કોચી લાવવામાં આવશે. કટ્ટરપંથીઓ દ્વારા બાનમાં પકડી રાખવામાં આવેલી તમામ નર્સને મુક્ત કરી દેવામાં આવી છે. ૪૬ નર્સને ટિકરિટથી બસમાં હતી ત્યારે જ અપહરણ કરી લેવામાં આવી હતી. સશસ્ત્ર ત્રાસવાદીઓ દ્વારા તેમનું અપહરણ કરાયું હતું અને તેમને મોસુલ લઈ જવામાં આવી હતી. કેરળમાં તેમના પરિવારના સભ્યો સાથે વાત કરવાની મંજુરી પણ તેમને અપાઈ છે.

## કિંમતોને અંકુશમાં લેવા કિસાન મંડી શરૂ કરાશે

નવીદિલ્હી,તા.૪

ભાવ વધારાને અંકુશમાં લેવાની દિશામાં સરકાર ઝડપથી આગળ વધી રહી છે. એક પછી એક પગલા લેવાઈ રહ્યા છે. હવે સરકાર ખાદ્યાન્ન ફુગાવા સામે લડવા માટે કિસાન મંડીની શરૂઆત કરવાની યોજના ધરાવે છે. કિસાન મંડી એટલે કે ખેડૂતોના માર્કેટની રચના કરવામાં આવશે જેમાં ખેડૂતો સીધી રીતે ગ્રાહકોને તેમની પેદાશનું વેચાણ કરી શકશે. આના કારણે મધ્યસ્થી શક્ય બનશે નહીં. સ્મોલ ફાર્મર્સ એગ્રી બિઝનેસ કન્સોર્ટીયન જે કૃષિ મંત્રાલયની સંસ્થા છે તે આ પ્રકારની મંડી સ્થાપિત કરશે. આ પ્રકારની પ્રથમ મંડી રાષ્ટ્રીય પાટનગર દિલ્હીમાં સ્થાપિત કરાશે. પ્રથમ મંડી સપ્ટેમ્બર સુધી સ્થાપિત થઈ જશે. આની શરૂઆતની સાથે જ આ મંડીમાં બટાકા, ડુંગળી અને ટામેટા જે ત્રણ ખાસ શાકભાજીમાં આવે છે તેનું વેચાણ થશે. દેશભરમાં ગ્રાહકો દ્વારા આનો સૌથી વધારે ઉપયોગ કરવામાં આવે છે.

આ ત્રણ ચીજવસ્તુઓના ભાવ હાલમાં આસમાને પહોંચ્યા હતા જેના લીધે સરકારને પગલા લેવાની ફરજ પડી રહી છે. સ્મોલ ફાર્મર્સ એગ્રી બિઝનેસના મેનેજિંગ ડિરેક્ટર પ્રવેશ શર્માએ માહિતી આપતા કહ્યું છે કે, વર્તમાન છુટક કિંમતોની સરખામણીમાં ૨૦થી ૨૫ ટકા ઓછી કિંમતે કિસાન મંડીમાં શાકભાજી મળી શકશે. તેમણે કહ્યું હતું કે, શાકભાજીના સોર્સ અને ફળફળાદીના સોર્સની યોજના તૈયાર કરવામાં આવશે. છ લાખ ખેડૂતોને ફાર્મર્સ પ્રોડ્યુસર્સ ઓગ્રેનાઈઝેશન સાથે જોડી દેવામાં આવશે. ખેડૂતોને યોગ્ય ભાવ મળે તેવા પ્રયાસ કરાશે. શર્માએ કહ્યું હતું કે, માર્કેટ લોંચ કરવા માટે દિલ્હીમાં નાફેડના વેરહાઉસની ઓળખ કરી લેવામાં આવશે. શાકભાજી લાવવા હરિયાણા અને પંજાબમાંથી એફપીઓને પ્રોત્સાહન અપાશે.

## આજે બ્રાઝિલ ક્વાર્ટર ફાઈનલમાં કોલંબિયા સામે રમશે

રિયો ડી જિનેરિયો,તા. ૪

ફીફા વર્લ્ડ કપમાં ક્વાર્ટર ફાઈનલ મેચનો તબક્કો શરૂ થઈ ગઈ ગયા ાબાદ આવતીકાલે બીજી ક્વાર્ટર ફાઈનલ મેચ રમાનાર છે. યજમાન બ્રાઝિલ પર જીત મેળવી લેવા લાખો ફુટબોલ ચાહકો તરફથી જોરદાર દબાણ છે. હવે કોઈ પણ ભુલ નેમારની ટીમને ભારે પડી શકે છે. બ્રાઝિલ આવતીકાલે શનિવારે ક્વાર્ટર ફાઈનલમાં કોલંબિયા સામે રમશે. કોલંબિયાનો દેખાવ વર્તમાન વર્લ્ડ કપમાં ઉલ્લેખનીય રહ્યો છે. તેની ટીમ દરેક ટીમને મુશ્કેલીમાં મુકી છે. બ્રાઝિલ અને કોલંબિયા વચ્ચેની મેચ ખુબ રોમાંચક બની શકે છે. હજુ સુધીના ઈતિહાસ પર નજર કરવામાં આવે તો બ્રાજિલની લીડ રહી છે. પરંતુ છેલ્લી કેટલીક મેચોમાં કોલંબિયાએ બ્રાઝિલના પરસેવા છોડાવી દીધા છે. એટલામાં ઓછુ હોય તેમ આ વખતે સ્ટાર કોલંબિયન ખેલાડી જેમ્સ રોડ્રીગેજ શાનદાર ફોર્મમાં છે. તે આ વર્લ્ડ કપમા સૌથી વધારે ગોલ કરી ચુક્યો છે. તે આ વર્લ્ડ કપમાં પાંચ ગોલ કરી ચુક્યો છે અને ગોલ્ડન બુટ માટેની દોડમાં સૌથી આગળ છે. બીજી બાજુ ઈતિહાસમાં પ્રથમ વખત બે દક્ષિણ અમેરિકન ટીમ ક્વાર્ટર ફાઈનલમાં





સામ સામે આવી છે. તેમની વચ્ચે હજુ સુધી ૨૫ મેચો રમાઈ છે. જે પૈકી બ્રાઝિલે ૧૫ મેચો જીતી છ. જો કે રસપ્રદ બાબત એ છે કે છેલ્લી ાચાર મેચોમાં બ્રાઝિલ તેને હરાવી શક્યું નથી. છેલ્લી ચાર મેચોમાં બન્ને ટીમ જીતી શકી નથી જો કે આવતીકાલે ચોક્કસપણે પરિણામ આવશે. નેમાર અને અન્ય ખેલાડી પોતાની ટીમને સેમીફાઈનલમાં સ્થાન અપાવવા માટે સજ્જ છે. આ મેચ જોરાદાર રોમાંચક રહેશે. મેદાન પર લાખોની સંખ્યામાં લોકો પહોંચે તેમ માનવામાં આવે છે. ટીવી પર વિશ્વ ભરમાં કરોડો ચાહકો રહેશે. યજમાન બ્રાઝિલ તેના જીતના સિલસિલાને જાળવી રાખવા માટે તૈયાર છે.નેમાર પર તમામની નજર રહેશે. આ વર્લ્ડ કપમાં નેમારની ભૂમિકા શાનદાર રહી છે. નેમારે કુલ ચાર ગોલ કર્યા છે. ફીફા વર્લ્ડ કપને લઈને ફુટબોલ ક્રેઝ પહેલાથી જ ચરમસીમા પર છે. સૌથી રસપ્રદ બાબત એ છે કે બ્રાઝિલમાં બીજી વખત વિશ્વ કપ ફુટબોલનુ આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૧૯૫૦માં પણ બ્રાઝિલમાં વિશ્વ કપનુ આયોજન કરવામાં આવ્યું હતુ. બ્રાઝિલને વર્ષ ૨૦૦૭માં યજમાન દેશ તરીકે જાહેર કરવામાં આવ્યા બાદથી જ બ્રાઝિલમાં ભારે ઉત્સુકતા હતી. ઈન્ટરનેશનલ ફુટબોલ ફેડરેશન ફીફા દ્વારા વર્ષ ૧૯૭૮ બાદથી પ્રથમ વખત દક્ષિણ અમેરિકામાં વિશ્વ કપ યોજવાની જાહેરાત કરી હતી. એકંદરે પાંચ વખત આનુ આયોજન અહીં કરવામાં આવી ચુક્યું છે.જુન ૨૦૧૧માં ક્વાલિફિકેશન સ્પર્ધા શરૂ થઈ હતી. જેમાં ૩૨ દેશોની રાષ્ટ્રીય ટીમો જોડાઈ હતી. ફીફા વર્લ્ડ કપમાં કેટલાક મોટા ફેરફાર થઈ ચુક્યા છે. વર્તામાન ચેમ્પિયન સ્પેન પ્રથમ રાઉન્ડમાં બહાર થઈ ચુક્યું છે. તેની પ્રથમ મેચમાં નેધરલેન્ડ સામે અને બીજી મેચમાં ચિલી સામે કારમી હાર થઈ હતી. કેમરૂન અને ઈંગ્લેન્ડ પણ હવે બહાર છે. આ ઉપરાંત હવે ઉરુગ્વે અને ઈટાલી પણ બહાર છે. નોક આઉટ મેચો ખુબ રોમાંચક બની હતી. હવે આવતીકાલે કોલંબિયા અને બ્રાઝિલની મેચ જોવા પહેલાથી ભારે ઉત્સુકતા છે. ફુટબોલ વર્લ્ડમાં હવે રોમાંચકતા દિન પ્રતિદિન વધી રહી છે. નોકઆઉટ દોર હવે પૂર્ણ થઈ ગયા બાદ હવે ક્વાર્ટર ફાઈનલ મેચો શરૂ થઈ છે. જેમાં તમામ ટોચની ટીમો છે. જેમાં બ્રાઝિલ, જર્મની, આર્જેન્ટિના, કોસ્ટા રિકા અને કોલંબિયાનો સમાવેશ થાય છે. નેધરલેન્ડની ટીમ પણ ક્વાર્ટર ફાઈનલમાં છે.

## હાઉસફુલ-૩માં અભિષેક અને અક્ષય કુમાર ૧૨ વર્ષ બાદ એકસાથે

મુંબઈ,તા.૪

અક્ષય કુમાર અને અભિષેક બચ્ચન હવે ફરી એકવાર સાથે નજરે પડનાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ હાઉસફુલ-૩માં બન્ને સાથે કામ કરનાર છે. અક્ષય કુમાર અને અભિષેક બચ્ચન ૧૨ વર્ષના લાંબા ગાળા બાદ એક સાથે નજરે પડનાર છે. આ ફિલ્મમાં અભિનેત્રીઓ કોણ રહેશે તેની શોધખોળ જારી છે. જો કે ફિલ્મને જોતા ટોચની લોકપ્રિય અભિનેત્રીઓને જ ફિલ્મમાં લેવામાં આવનાર છે. બન્ને અગાઉ ૧૨ વર્ષ પહેલા રજૂ થયેલી ફિલ્મ હાં મેને ભી પ્યાર કિયામાં નજરે પડ્યા હતા. સાજિદ અને ફરહાદ દ્વારા નિર્દેશિત ફિલ્મમાં અભિનેત્રીઓના નામની જાહેરાત ટુંક સમયમાં જ કરવામાં આવનાર છે. અભિષેક અને અક્ષયની સાથે ફિલ્મમાં રિતેશ દેશમુખ પણ નજરે પડનાર છે. સાજિદ અને ફરહાદ આ પિલ્મ પર કામ અક્ષયની ફિલ્મ ઈટ્સ એન્ટરટેનમેન્ટ બાદ શરૂ કરશે. અભિષેક બચ્ચન પાસે હાલમાં હેપ્પી ન્યુર યર ફિલ્મ છે. આ ફિલ્મમાં તેની સાથે શાહરૂખ ખાનની ભૂમિકા છે. આ ઉપરાંત દિપિકા પણ તેમની સાથે છે. અભિષેકની આમીર સાથેની ધુમ-૩ બોક્સ ઓફિસ પર હજુ સુધીની સૌથી મોટી ફિલ્મ



સાબિત થઈ ચુકી છે. ભારતીય સિનેમાની સૌથી મોટી હિટ ફિલ્મમાં કામ કર્યા બાદ અભિ,ક પાસે પણ અનેક મોટી ફિલ્મો આવી રહી છે. જો કે તે કોઈ પણ ફિલ્મ જેમ તેમ કરી રહ્યો નથી. ધુમ-૩માં અભિષેકની ભૂમિકાની પ્રસંસા થઈ હતી. હાઉસુફલ-૩ મુળભૂતરીતે કોમેડી ફિલ્મ છે. અભિષેક અગાઉ પણ કોમેડી ફિલ્મ કરી ચુક્યો છે. જ્યારે બીજી બાજુ અક્ષય કુમારને હાલમાં હોલિડે ફિલ્મમાં સફળતા હાથ વલાગી છે. આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ૧૦૦ કરોડની કમાણી કરી ચુકી છે. તેની એક્શન પિલ્મ ચાહકોને કુબ પંસદ પડી હતી. અક્ષય વધુ એક્શન ફિલ્મ કરવા માંગે છે.

## મુઝફ્ફરનગરમાં હિંસા કેસમાં સુનાવણી મોકૂફ

મુઝફ્ફરનગરની સ્થાનિક અદાલતે કવલ હત્યા કેસમાં સુનાવણી ૧૬મી જુલાઈ સુધી મોકૂફ કરી દીધી છે. સાક્ષીઓના નિવેદનની નોંધણી આજે સ્થાનિક કોર્ટમાં કરવામાં આવી હતી. ફરિયાદી અરવિંદ કુમારે કોર્ટમાં તેની જુબાની આપી હતી અને કહ્યું હતું કે, તેનો પુત્ર ગૌરવ અને ભત્રીજો સચિનના મોત થયા હતા. આરોપી દ્વારા તેમને નિર્દયરીતે માર મારવામાં આવ્યો હતો. એડિશનલ જિલ્લા અને સેશન જજ જીતેન્દ્ર કુમાર દ્વારા સુનાવણી મોકૂફ કરી દેવામાં આવી હતી. કેસમાં અરવિંદની ઉલટ તપાસ માટે ૧૬મી જુલાઈ સુધી મામલાને મોકૂફ કરી દેવામાં આવ્યો હતો. પ્રોસીક્યુશન મુજબ બંને યુવાનોને ૨૭મી ઓગસ્ટ ૨૦૧૩ના દિવસે પાંચ આરોપીઓ દ્વારા નિર્દયરીતે માર મારવામાં આવ્યો હતા જેના કારણે તેમના મોત થયા હતા. ગૌરવના પરિવારના સભ્યોએ સાત લોકો સામે એફઆઈઆર દાખલ કરી હતી. ત્યારબાદ સ્પેશિયલ ઈન્વેસ્ટીગેશન ટીમે ૨૭મી નવેમ્બરના દિવસે પાંચ આરોપી સામે ચાર્જશીટ દાખલ કરી હતી. કવલ ગામમાં ત્રણ લોકોના મોત થયા બાદ ભારે તંગદિલી ફેલાઈ ગઈ હતી.

## સમાચાર ઝલક

- નિવૃત્તિ બાદ શિસ્ત વિષયક કાર્યવાહી ન થઈ શકે - સુપ્રિમ કોર્ટ.
- દહેજ વિરોધી કાયદામાં પરિવારજનોની ધરપકડ નહીં કરવા સુપ્રીમનો આદેશ.
- બદ્રીનાથમાં ચોમાસાની શરૂઆત જ વાદળ ફાટવાથી થઈ.
- ઈરાકના તિક્રીટ શહેરમાં ભારે યુદ્ધ તથા સામસામા ગોળીબારો.
- ગોવાના બીચ પર બિકની પહેરવા પર પ્રતિબંધ નથી. કેટલાક નવા હુકમો બહાર પડાયા.
- ચીનમાં રમઝાન માસમાં રોજા રાખવા પર પ્રતિબંધ મુકાયો.
- રાજકોટમાં મહિલા કોર્પોરેટરને બે લાફા ઝીંકી દેતા કોર્પોરેટર.
- અંબાજી મંદિરના વિકાસ માટે અંદાજપત્રમાં ૭૨ કરોડની જોગવાઈ.
- સુશાસન-બહેતર સંપર્ક માટે ફેસબુક ઉપયોગી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી.
- વ્યારા તાલુકાના ગડત આશ્રમશાળામાં ૪૪થી વધુ છાત્રોને ફુડ પોઈઝનીંગ.
- નેશનલ હેરલ્ડ પ્રકરણથી સોનિયા ગાંધી-રાહુલ ગાંધીના 'બુરે દિન'ની શરૂઆત.
- કાંકરાપાર અણુમથક સામે રોજગારી માટે મહિલાઓનું આંદોલન.
- અમદાવાદના ભુદેવ ઠગનું રૂ.૨૦ કરોડનું છેતરપીંડી કૌભાંડ.
- બજેટ પુર્વ સિગારેટની કૃત્રિમ અછત-ખુલ્લેઆમ કાળા બજાર.
- ભુજની કરોડોની હોસ્પિટલમાં એક વર્ષમાં ૮૫૦થી વધુ મોત - અદાણી ગ્રુપના સંચાલનમાં ખામી.
- મુંબઈમાં બોમ્બે ટોકીઝમાં આગ ભભૂકી - ૬૦ ફિલ્મોની પ્રન્ટિ ભસ્મીભૂત.
- નર્મદામાં ૭૦૦થી વધુ મગરો હોવાનું બહાર આવ્યું.
- બિહારમાં બોગસ ડીગ્રી કૌભાંડમાં ૭૦૦થી વધુ શિક્ષકોને ઘરે બેસાડી દેવાયા.
- રાષ્ટ્રીય મહિલા પંચને ધરપકડ કરવાનો અધિકાર મળશે.
- દેશની શાંતિ ડહોળવા કોમવાદી તત્વોના ધમપછાડા.
- રેલવેમાં દૂધવાળા માટે સ્પેશિયલ ડબો રખાશે.